**મોરબીના મહે.બીજા એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.મોરબી**

**ક્રિમીનલ કેસ નં.–૯૨૭૯/૨૦૨૫**

**આંક:–**

ફરીયાદી **:–** શ્રી સરકાર

વિરુધ્ધ

**આરોપી :– ડુંગરસીહ થાવરીયા નિંગવાલ**

**રહે.મોરબી પંચાસર રોડ પર આવેલ શ્યામપાર્કની બાજુમા તા. જી. મોરબી.**

સરકાર તર્ફે **:–** વિ.એ.પી.પી.

**આરોપી તર્ફે:– વિ.વ.શ્રી એન.કે.સોલંકી**

**ગુન્હો– બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ:–૧૭૭, ૧૮૪ મુજબ..**

**ચુકાદો**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, આ કામના આરોપીએ આંક:૧માં જણાવેલ સમયે અને તારીખે પોતાના હવાલા વાળુ વાહન જાહેર રોડ ઉપર પુરઝડપે અને ગફલતભરી રીતે માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી નીકળતા મળી આવતાં હોય જેથી જીલ્લા મેજી.સાહેબશ્રી ના જાહેરનામાનો ભંગ કરી ભારતીય નાગરીક સંહીતાની કલમ:– ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ:–૧૭૭, ૧૮૪ મુજબનો ગુન્હો કર્યાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો આપતા આરોપી પ્રથમ તબકકે ગુન્હા અંગે કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હો કબુલ કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપી સ્વેચ્છાપૂર્વક ગુન્હો કબુલ કરે છે આરોપી કબુલાત પુરસીસમાં જણાવે છે કે તેઓ કાયદાના અજ્ઞાન માણસ હોય અજ્ઞાનતાથી ગુન્હો દાખલ થયેલ છે જેથી દયા દાખવવા રજુઆત કરેલી છે.

(૩) આરોપીને ગુન્હાની ગંભીરતા સમજાવવા છતાં ગુન્હાની કબુલાતને વળગી રહેલ છે આરોપીએ જાણીબુજીને ગુન્હો કરેલ ન હોઈ તેઓને સુધરવાની તક મળી રહે અને તેમણે કરેલ કૃત્યનો અહેસાસ તેમને થાય તે હેતુથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપીને ભારતીય નાગરીક સંહીતાની કલમ ૨૭૫ અન્વયે બી.એન.એસ.ની કલમ:– ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૫૦૦/– (અંકે રુપીયા પાંચ સો_પુરા) નો દંડનો હુકમ કરવામાં આવે છે. દંડ ન ભરે તો દિન :– ૦૭ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ હેઠળ ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજ રોજ તા.૧૪ મી માર્ચ સને–૨૦૨૬ ના રોજના મેજીસ્ટ્રેટના સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ : ૧૪/૦૩/૨૦૨૬**

**સ્થળ:– મોરબી.**

**ફોજદારી દંડની રકમ રૂા.____________ દંડની**
**પહોંચ નં.____________, તા.૧૪/૦૩/૨૦૨૬**
**વસુલ લીધી.**

**નાજર/ આસીસ્ટન્ટ,**
**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ,**
**મોરબી.**

**(બી.વી.સંચાણીયા)**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
મોરબી
(જીજે ૦૦૭૪૫)